# F3 ૩.૪.૧. જૈન ધ્યાન અને યોગ.

પશ્ચિમના દેશોમાં 'મેડીટેશન'નો એક ક્રેઝ ચાલ્યો છે. આસન–યોગ અને ધ્યાનના કેટલાંક પરિબળોને જ અંતિમ માની લઈ ધ્યાન કર્યાની વાતો ચાલે છે. ત્યારે મૂળભૂત રીતે ધ્યાન એ શું છે? યોગ શું છે? તેના જવાબમાં જૈન ધર્મ જણાવે છે કે ;

ધ્યેયનું સદા સ્મરણ રહે તે જ ધ્યાન અથવા મનની વિચારધારાને એક વિષયમાં એકાગ્ર કરવી તે ધ્યાન કહેવાય છે.

જૈન માન્યતા અનુસાર ધ્યાન, આત્માની એક વિશિષ્ટ શક્તિ છે. આત્માના સ્થિર–નિશ્ચિત–અધ્યવસાય–પરિણામોને ધ્યાન કહેવામાં આવે છે. તે શુભ અને અશુભ એમ બે પ્રકારનું છે.

શુભ ધ્યાન – જેના દ્વારા સુંદર–સાત્વિક અને પ્રકાશિત થવાના ઉત્તમ વિચારો આવે તે શુભ ધ્યાનથી છે. શુભ ધ્યાનથી પૂર્વસંચિત પાપકર્મનો ક્ષય થાય છે અને આત્માની શુદ્ધિ થાય છે.

અશુભ ધ્યાન – જૈના દ્વારા મલીન ગંદા–વિકૃત અને હિંસક વિચારો આવે તે અશુભ ધ્યાન છે. અશુભ ધ્યાનથી નવા કર્મોનું સર્જન થાય છે. અને આત્મા મલિન થાય છે.

શુભ અને અશુભ ધ્યાન મુખ્યત્વે ચાર પ્રકારના છે.

૧.આર્તધ્યાન – મનગમતું મેળવવા માટે અને અણગમતું છોડવા માટે ચિંતા કરવી, કષાય કરવા, રડવું દુ:ખી થવું તેને આર્તધ્યાન કહેવાય છે. અનિષ્ટસંયોગ, ઈષ્ટવિયોગ, રોગચિંતા અને નિદાન ૪ ભેદ છે. આ ધ્યાનથી દુર્ગતિમાં જવુ પડે છે.

૨.રૌદ્ર ધ્યાન – હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, પરિગ્રહ વગેરે પાપો કરવા માટે સતત વિચાર કરવા, તેનો અમલ કરવો અને કરાવવો તે રૌદ્ર ધ્યાન છે. આત્મવિકાસમાં આ ધ્યાન બાધક છે. હિંસાનું બંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી, વિષય સંરક્ષાનુબંધી– ૪ (ચાર) પેટા પ્રકાર છે. આ ધ્યાનથી નરક ગમન થાય છે. ભવાંતરમાં દુ:ખી દુ:ખી થાય છે.

૩.ધર્મ ધ્યાન – મનની શુભ વૃત્તિ અને પ્રવૃત્તિની એકાગ્રતાથી જીવન પવિત્ર અને પાવન છે. તેને ધર્મ ધ્યાન કહેવામાં આવે છે. આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાન વિચય ચાર પેટા ભેદ છે. આ ધ્યાનથી જીવ સદ્ગતિમાં જાય, દેવભવ પામે છે.

૪.શુક્લ ધ્યાન – આત્માના વિશુદ્ધ સ્વરૂપની અનુભૂતિ થાય, આત્મસાક્ષાત્કાર થાય છે, તેને 'શુક્લ ધ્યાન' કહેવામાં આવે છે. બધા પ્રકારના મોહ અને દોષો નાશ પામે છે, ત્યારે આ ધ્યાન સિદ્ધ થાય છે. પિંડસ્થધ્યાન, પદસ્થધ્યાન, રૂપસ્થધ્યાન, અને રૂપાતીત ધ્યાન એ ચાર પેટા ભેદ છે.

આ ધ્યાનથી કષાયજન્ય, ઈર્ષા, વિષાદ, શોક સંતાપ આદિ માનસિક દુ:ખોથી કદાપિ પીડા પામતો નથી. તે પ્રસન્નચિત્ત અને પ્રમુદિત રહે છે અને મટીને અનુત્તરવાસી દેવભવ અથવા કેવલજ્ઞાની પણ બની શકે છે.

## યોગ

જૈન ધર્મમાં યોગની પરંપરા પ્રાચીન કાલથી છે.

યોગનું લક્ષણ :

જૈન યોગદર્શનકાર પતંજલિએ ચિત્તવૃત્તિઓના નિરોધને યોગ કહ્યો છે, તેમ જૈનાચાર્યો એ આત્માને કેવળજ્ઞાન આદિ પરમ સાત્વિક તથા જ્ઞાન ચેતનાની સાથે જોડે, તેને યોગ કહે છે. આચાર્ય હરિભદ્રએ કહ્યું છે કે આત્માને મોક્ષ સુધી પહોંચાડે છે તે યોગ છે.

મોક્ષ પ્રાપ્તિના મુખ્ય અને ગૌણ, અન્તરંગ તથા બહિરંગ, જ્ઞાનદષ્ટિ અને આચાર દષ્ટિથી જેટલા પણ અધ્યાત્મ નિર્દિષ્ટ સાધન છે તેનું યથાવિધિ સમ્યગ્ અનુષ્ઠાન અને તેનાથી પ્રાપ્ત થવાવાળી
આધ્યાત્મિક વિકાસની પૂર્ણતાનું નામ યોગ છે.

યોગ સંગ્રહ :

ચારિત્ર–વિકાસના માટે તથા યોગ સાધના હેતુ સાધકોના માટે કેટલાક આવશ્યક નિયમ–ઉપનિયમ તથા ક્રિયાઓ કરવાનું વિધાન છે. જેને જૈન પારિભાષિક શબ્દાવલીમાં યોગ સંગ્રહ કહેવામાં આવે છે. જે બત્રીસ છે. આ

બત્રીસ સૂત્ર જૈન યોગની આધારભૂમિ માનવામાં આવ્યા છે.

આચાર્ય હરિભદ્રએ યોગબિન્દુમાં પૂર્વસેવા, યોગદષ્ટિ સમુચ્ચયમાં યોગબીજ અને યોગશતકમાં લૌકિક ધર્મ તરીકે પાલન કહ્યું છે.

યોગ સાધનાની સિદ્ધિ માટે અનુષ્ઠાન વિધિ પુરુષાર્થ આવશ્યક છે.

યોગના અનુષ્ઠાન :

અનુષ્ઠાનના પાંચ પ્રકાર છે.

(૧) વિષાનુષ્ઠાન (૨) ગરાનુષ્ઠાન (૩) અનનુષ્ઠાન (૪) તદ્‌હેતુ અનુષ્ઠાન (૫) અમૃતાનુષ્ઠાન.

આમાંથી પ્રથમ ત્રણ અનુષ્ઠાન રાગ, મોહ આદિ ભાવોથી યુક્ત હોવાના કારણે લૌકિક છે જ્યારે અંતિમ બે અનુષ્ઠાનોમાં રાગાદિ ભાવોનો અતિ અલ્પ-અંશ હોય છે. તથા આ અનુષ્ઠાનોમાં સાધકની ઈચ્છા સંસાર-સુખોની પ્રાપ્તિની નથી હોતી, આથી તેને સદનુષ્ઠાન કહેવામાં આવે છે.

યોગના પાંચ ભેદ

જૈન યોગમાં યોગ સાધનાના માટે પાંચ સાધન સ્વીકાર કરવામાં આવ્યા છે.

સ્થાન, ઉર્ણ, અર્થ, આલમ્બન અને અનાલમ્બન આ સાધનોના આધાર પર યોગના પાંચ ભેદ થઈ જાય છે.

આચાર્ય હરિભદ્રએ અન્ય અપેક્ષાથી યોગના ત્રણ પ્રકાર બતાવ્યા છે. ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ, સામર્થ્યયોગ.

આ ત્રણે યોગોથી સદ્‌ભૂત દષ્ટિઓ યોગદષ્ટિઓ છે. જે સામાન્યતઃ આઠ છે.

(૧) મિત્રા, (૨) તારા, (૩) બલા, (૪) દીપ્રા, (૫) સ્થિરા, (૬) કાંતા, (૭) પ્રભા અને (૮) પરા.

સંસારપતિત દષ્ટિ – સામાન્ય દષ્ટિ અથવા ઓઘદષ્ટિ થી ઉપર ઊઠીને સાધક આ યોગદષ્ટિઓમાં પહોંચે છે.

જૈન યોગ દષ્ટિથી આચાર્ય હરિભદ્ર દ્વારા નિરૂપિત આ યોગદષ્ટિઓ અતિ મહત્વપૂર્ણ છે. આમાં જૈન મોક્ષમાર્ગ :- સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રનો સાર નિહિત છે.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

# F3 ૩.૪.૨. જૈન મંત્રોનો પરિચય.

જૈન ધર્મના આચાર –વિચાર કે આહાર – આશય જેટલા પવિત્ર છે, જગત કલ્યાણને વરેલા છે, તેટલા જ જૈન મંત્રો પણ પ્રચંડ ઊર્જા ભરેલા સર્વજનસુખાય,સર્વ જન હિતાયના ભાવથી ભરેલા છે.

વિદ્વાનો પણ તે–તે મંત્ર શક્તિઓનો હવે સ્વીકાર કરવા લાગ્યા છે.

મન્ત્ર એટલે ચોક્કસ પ્રકારના (મંત્ર સિદ્ધ પુરૂષોના) અક્ષરો–ભાવો અને આશયોની ગુંથણી કરેલા શબ્દોનો સમૂહ તેમાં વિદ્યુત્ શક્તિ, આકર્ષણશક્તિ વગેરે રહેલી હોય છે. તે તે મંત્રના સતત જાપથી ઊર્જાની વિશુદ્ધિ – વિસ્ફોટ અને કાર્ય સિદ્ધિ થાય છે.

જૈન ધર્મમાં દેહ–મન–ઈન્દ્રિયો–પ્રાણ અને આત્માની સઘળી શક્તિઓનું રક્ષણ–સલામતી–સુવિધા અને સાધના–સિદ્ધિ તથા મનવાંછિત ફળની પ્રાપ્તિ માટે મહામંત્રાધિરાજ તરીકે નવકારમંત્રને બતાવવામાં આવ્યો છે. જેમાં ૐ કે હ્રીઁ મંત્ર બીજ લગાડયા વિના ગણવામાં આવે તો તે મોક્ષદાયક બને છે. અને ૐ હ્રીઁ મંત્રપૂર્વક બોલવામાં આવે તો સર્વ મનોરથોની શીઘ્ર સિદ્ધિ થાય છે.

જેમકે, ૐ હ્રીઁ નમો અરિહંતાણં
ૐ હ્રીઁ નમો સિદ્ધાણં
ૐ હ્રીઁ નમો આયરિયાણં
ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં
ૐ હ્રીઁ નમો લોએસવ્વાસાહૂણં
..ઈત્યાદિ

અથવા નમો અરિહંતાણં.. નમો સિદ્ધાણં વગેરે પદોથી ૐ હ્રીઁ લગાડ્યા વિના સાદો નવકાર સંપૂર્ણ ગણવો. રોજ ઊઠતાં ૧૨ નવકાર, સૂતાં ૭ નવકાર અને ઘરની બહાર નીકળતાં ૩ નવકાર અને શક્ય હોય તો રોજ ૧૦૮ કે ૨૭ નવકાર ગણવાથી પ્રચંડ પૂણ્ય બંધ અને કર્મક્ષય થાય છે.

૧) સિદ્ધચક્રના મંત્ર : ૐ હ્રીઁ શ્રીં અર્હં અસિઆઉસા નમઃ ।
ત્રિકાલ (સવાર–બપોર–સાંજ) પાંચ–પાંચ માળા ગણવી, સર્વ કાર્ય સિદ્ધ થાય.

૨) અન્ય મંત્રઃ અરિહંત સિદ્ધ આયરિય ઉવજ્ઝાય સાહૂ ।
વિધિપૂર્વક સવા લાખનો જાપ કરવાથી લક્ષ્મી–વિદ્યા–યશ પ્રાપ્ત થાય.

૩) ૐ હ્રીઁ અર્હં નમઃ । આ ષડક્ષરી સિદ્ધ મંત્ર છે.
રોજ ૧૦ માળા ગણવાથી મનઃશાંતિ તથા કાર્ય સિદ્ધિ અવશ્ય થાય છે.

૪) ૐ હ્રીઁ શ્રીં અર્હં નમઃ । રોજ ૨૦ માળા ગણવાથી લક્ષ્મી પ્રાપ્ત થાય, નિર્ધનતા, દુઃખ દરિદ્રતા નાશ પામે છે.

૫) ૐ હ્રીઁ અર્હત ઉત્પત ઉત્પત સ્વાહા । આ ત્રિભુવનસ્વામીની મહાચમત્કારી વિદ્યા છે. રોજ ૧૦ માળા ગણવાથી અખૂટ લક્ષ્મી વગેરે આપનારી છે.

૬) ૐ ઐં (ઐંઈમ્) નમઃ। રોજ ૧૦ માળા ગણવાથી જ્ઞાન–બુદ્ધિ વધે.

૭) ૐ હ્રીઁ શ્રીં ક્લીં બ્લૂં ઐં નમઃ । આ સરસ્વતી દેવીનો સિદ્ધમંત્ર છે, રોજ ૧૦ માળા ગણવાથી વિદ્યા–જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

૮) ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ અસિઅઉસા સ્વાહા ।
ત્રિકાળ પાંચ–પાંચ માળા ગણવાથી અર્વ રીતની સુખ શાંતિ અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

૯) ૐ હ્રીઁ નમો અરિહંતાણં સિદ્ધાણં સૂરીણં ઉવજ્ઝાયાણં સાહૂણં મમ ઋદ્ધિં વૃદ્ધિં સમીહિતં કુરુ કુરુ સ્વાહા ।
ત્રિકાલ ૩૨–૩૨ વાર જાપ કરવાથી સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય. લક્ષ્મીનો લાભ થાય છે. અથવા ૨૧ દિવસ સુધી ત્રિકાલ સામાયિક લઈને જાપ કરવાથી શીઘ્ર સિદ્ધિ થાય છે.

મંત્રો સંબંધી વધુ જાણકારી માટે લાઈબ્રેરીમાં જોવું

## F3 ૩.૪.૩. જૈન જ્યોતિષમાં પંચાંગ,મુહૂર્ત પરિચય અને નક્ષત્ર–રાશિ–ગ્રહ પરિચય.

જ્યોતિષશાસ્ત્ર ખગોળશાસ્ત્રનું એક અંગ છે. ગ્રહની મનુષ્ય ઉપર શું અસર થાય છે તે બતાવતું એક શાસ્ત્ર છે. ચંદ્ર પૃથ્વી આસપાસ ફરે છે. પૃથ્વી પોતાની ધરી ઉપર પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે. પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી રહે છે.પૃથ્વી પોતાની ધરી ઉપર પશ્ચિમથી પૂર્વ તરફ ફરતી હોવાથી, પૃથ્વી પરથી જોનારને સૂર્ય પૂર્વથી પશ્ચિમ ક્ષિતિજમાં અલોપ થઈ જતો દેખાય છે.

આ ભ્રમણમાર્ગ ગોળ અને આકાશમાં એક નક્ષત્ર પાસેથી શરૂ થઈને વર્ષને અંતે એ જ જગ્યાએ પૂર્ણ થાય છે. સૂર્યની આ ભ્રમણ કક્ષાને ક્રાંતિવૃત કહેવાય છે. આ ભ્રમણ માર્ગના ૧૨ વિભાગને રાશિ કહેવાય છે. અને ૨૭ વિભાગને નક્ષત્ર કહેવાય છે.

પંચાંગ :
પંચાંગ એટલે પાંચ અંગ:
૧) તિથિ, ૨) વાર, ૩) નક્ષત્ર, ૪) યોગ, ૫) કરણ

તિથિ :

સૂર્ય અને ચંદ્ર વચ્ચેનું અંતર દર્શાવતી સંજ્ઞા એટલે તિથિ, ચંદ્રની ગતિ વધારે હોવાથી ચંદ્ર સૂર્યની આગળ ચાલે છે, આમ ચંદ્ર સૂર્યથી આગલ ૧૨° જાય એટલે કે એક તિથિ થાય. આમ ૦° થી ૧૮૦° સુધી ૧૫ દિવસ એક તે સુદ પક્ષના કહેવાય. તે બાદ ૧૮૦° થી ૩૬૦° આવે તે ૧૫ દિવસ તે વદ પક્ષના કહેવાય. તિથિ પૂરી થવાને ઓછામાં ઓછા ૨૦ કલાક અને વધારેમાં વધારે આશરે ૨૭ કલાક લાગે છે. ચંદ્રથી સૂર્ય સામસામા ૧૮૦° આવે એટલે પુનમ થાય છે. ચંદ્રથી સૂર્ય ૯૦° આવે એટલે સુદ આઠમ, ચંદ્રથી સૂર્ય ૨૭૦° આવે એટલે વદ આઠમ, ચંદ્ર સૂર્ય સાથે સાથે આવે એટલે અમાસ. માત્ર પહેલી ૧૫ તિથિને સુદ કહેવાય છે અને બીજી ૧૫ તિથિને વદ કહેવાય છે.

વાર:
પંચાગનું બીજું અંગ વાર છે. વાર ૭ છે.
હિન્દુઓમાં સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના સમયને વાર ગણે છે. મુસલમાન સૂર્યાસ્તથી વાર ગણે છે. ખ્રીસ્તીઓમાં મધરાત થી વાર ગણે છે.

| ક્રમ | હિન્દુમાં વારના નામ | મુસલમાનના વારના નામ | ખ્રિસ્તીના વારના નામ |
|---|---|---|---|
| ૧) | રવિવાર | આઈતવાર | સન્ડે |
| ૨) | સોમવાર | પીર | મન્ડે |
| ૩) | મંગળવાર | મંગળવાર | ટ્યુઝડે |
| ૪) | બુધવાર | બુધ | વેનસડે |
| ૫) | ગુરૂવાર | જુમેરાત | થર્સડે |
| ૬) | શુક્રવાર | જુમ્મા | ફ્રાઈડે |
| ૭) | શનિવાર | શનિવાર | સેટરડે |

નક્ષત્ર :

નક્ષત્ર એટલે તારાનો સમુહ. ૨ ૧/૪ સવા બે નક્ષત્રના સમુહને રાશિ કહેવાય. આકાશના ૨૭ તારાના સમુહની આકૃતિ નીચે મુજબ કરેલ છે જેને નક્ષત્ર કહેવાય છે. એક રાશિમાં સવા બે નક્ષત્ર આવે છે. એક નક્ષત્રના ચાર ચરણ હોય છે. સવા બે નક્ષત્ર = નવ ચરણ એક રાશિમાં આવે છે. ચૈત્ર માસમાં સૂર્ય મેષમાં હોય છે. સૂર્ય એક નક્ષત્રમાં ચૌદ દિવસ રહે છે. દર માસે સૂર્ય એક રાશિ આગળ વધે છે.

૨૭ વિભાગ = ૩૬૦° (ત્રણસો સાઈઠ અંશ) એટલે ૧ વિભાગ = ૧૩° ૨૦° બને છે તેને નક્ષત્ર કહેવાય છે. દરેક નક્ષત્રને ચાર ચરણ હોય છે. દરેક ચરણ ૩° ૨૦° નું બને છે. નક્ષત્ર ૨૭ છે.

| ક્રમ | નક્ષત્ર | સ્વામી | ચરણ મુજબ અક્ષર |
|---|---|---|---|
| ૧) | અશ્વિની | કેતુ | ચુ ચે ચો લા |
| ૨) | રોહિણી | ચંદ્ર | ઉ વા વિ વ |
| ૩) | મૃગશીર્ષ | મંગળ | વે વો ક ડી |
| ૪) | પુનર્વસુ | ગુરૂ | ક કો હ હી |
| ૫) | પુષ્ય | શનિ | હ હો હો ડા |
| ૬) | ઉત્તરા | ફાલ્ગુની | સૂર્ય ટ ટો પ પી |
| ૭) | હસ્ત | ચંદ્ર | પુ ષ ણ ઠ |
| ૮) | ચિત્રા | મંગળ | પો પો ર રી |
| ૯) | સ્વાતિ | રાહુ | રૂ રે રો તા |
| ૧૦) | અનુરાધા | શનિ | ન ની નુ નો |
| ૧૧) | ઉત્તરાષાઢા | સૂર્ય | ભે ભો જ જી |
| ૧૨) | શ્રવણ | ચંદ્ર | ખી ખુ ખે ખો |
| ૧૩) | ધનિષ્ઠા | મંગળ | ગ ગી ગુ ગો |
| ૧૪) | શતતારકા | રાહુ | ગો સ સી ડુ |
| ૧૫) | ઉત્તરાભાદ્ર પદા | શનિ | દુ જ ધ |
| ૧૬) | રેવતી | બુધ | દે દો ચ ચી |

આ રીતે એક રાશિમાં બે ગ્રહનો પ્રભાવ હોય છે.

૧) રાશિના સ્વામી, ૨) નક્ષત્રના સ્વામી

યોગ

પંચાંગનું ચોથું અંગ યોગ છે. કોઈપણ સમયે સૂર્ય/ચંદ્ર કેટલા અંતરે છે તે જાણવા સૂર્ય અને ચંદ્રના રાશિ અંશ, કળા, વિકળાનો જે સરવાળો આવે તેને ૧૩ં ૨૦ં થી ભાગતા જે આવે તે બરાબર એક યોગ. કુલ યોગ ૨૭ છે.

| ક્રમ | યોગનાં નામ | ક્રમ | યોગનાં નામ |
|---|---|---|---|
| ૧) | વિષ્કુંભ | ૧૫) | વજ |
| ૨) | પ્રીતિ | ૧૬) | સિદ્ધિ |
| ૩) | આયુષ્યમાન | ૧૭) | વ્યતિપાત |
| ૪) | સૌભાગ્ય | ૧૮) | વરીયાન |
| ૫) | શોભન | ૧૯) | પરિઘ |
| ૬) | અતિગંડ | ૨૦) | શિવ |
| ૭) | સુકર્મા | ૨૧) | સિદ્ધ |
| ૮) | ધૃતિ | ૨૨) | સાધ્ય |

| | | | |
|---|---|---|---|
| ૯) | શૂલ | ૨૩) | શુભ |
| ૧૦) | ગંડ | ૨૪) | શુક્લ |
| ૧૧) | વૃધ્ધિ | ૨૫) | બ્રહ્મા |
| ૧૨) | ધ્રુવ | ૨૬) | ઐન્દ્ર |
| ૧૩) | વ્યાઘાત | ૨૭) | વૈધૃતિ |
| ૧૪) | હર્ષણ | | |

રાશિ

આકાશના બાર વિભાગ એટલે ૧ વિભાગ = ૩૦° (ત્રીશ અંશ)બને છે તે રાશી કહેવાય છે. રાશિ બાર છે.

| | રાશિ | | રાશિ |
|---|---|---|---|
| ૧) | મેષ | ૭) | તુલા |
| ૨) | વૃષભ | ૮) | વૃશ્ચિક |
| ૩) | મિથુન | ૯) | ધન |
| ૪) | કર્ક | ૧૦) | મકર |
| ૫) | સિંહ | ૧૧) | કુંભ |
| ૬) | કન્યા | ૧૨) | મીન |

ગ્રહ

જન્મકુંડળીમાં દરેક ખાનાને ભાવ કહેવાય છે જેના ઉંધી ઘડીયાળ મુજબ ક્રમ ગણાય છે. ભાવમાં જે આંકડા હોય છે તેને રાશિ કહેવાય છે. જે પણ ઉંધી ઘડીયાળ મુજબ ક્રમ ગણાય છે. ભાવમાં ગ્રહનું નામ લખેલ હોય છે. મુખ્ય ગ્રહ સાત છે,

૧) સૂર્ય, ૨) ચંદ્ર, ૩) મંગળ, ૪) બુધ, ૫) ગુરૂ, ૬) શુક્ર, ૭) શનિ.

બે છાયા ગ્રહ છે.

૧) રાહુ, ૨) કેતુ

ત્રણ નવા ગ્રહ છે.

૧) યુરેનસ, ૨) નેપ્ચ્યુન, ૩) પ્લુટો

આ રીતે જ્યોતિષના પાંચેય અંગોનો પરિચય પૂરો થયો.

## F3 ૩.૪.૪. જૈન વાસ્તુશાસ્ત્ર, ભૂમિ વિચાર, દિશા વિચાર અને પંચતત્વ પરિચય.

વાસ્તુ શાસ્ત્રનો અર્થ શિલ્પનું વિજ્ઞાન, વાસ્તુ શિલ્પ એ ભારતની ચોસઠ કળામાંની એક ગણાય છે.

જે પ્લોટમાં મકાન બાંધવાનું છે તે પ્લોટને ભૂમિ કહેવાય છે.
પ્લોટમાં મકાન બંધાય તે પ્રાસાદ
પ્રાસાદ બનાવવાના નિયમ અને વાસ્તુ શાસ્ત્ર.
વાસ્તુ એટલે વસવાટ માટેની જમીન અને તેના ઉપરનું બાંધકામ.

jainuniversity.org

વાસ્તુ પુરૂષઃ
વાસ્તુ પુરૂષનો જન્મ ત્રેતાયુગમાં ભાદરવા વદ ૩, કૃતિકા નક્ષત્ર, વ્યતિપાત યોગ તથા વિષ્ટિ કરણમાં થયો હતો. વાસ્તુ પુરૂષ ઈશાન ખુણામાં શિવને પ્રણામ કરતી મુદ્રામાં ઊંધો પડેલ દેખાય છે. વાસ્તુ પુરૂષ ડાબી બાજુ સુતેલા છે.

વાસ્તુ પુરૂષ દર ૩ મહિને નીચે મુજબ દિશા બદલે છે. વાસ્તુ પુરૂષના પગ જે દિશામાં હોય છે. અને દૃષ્ટિ જે તરફ હોય છે તે દિશામાં મહિનામાં ઘર ન કરવું.

**માસ**

| | | |
|---|---|---|
| મસ્તક પગ દૃષ્ટિ | ભાદરવો, આસો, કારતક | પૂર્વ. પશ્ચિમ દક્ષિણ |
| મસ્તક પગ દૃષ્ટિ | માગશર, પોષ મહા | દક્ષિણ ઉત્તર પશ્ચિમ |
| મસ્તક પગ દૃષ્ટિ | ફાગણ, ચૈત્ર, વૈશાખ | પશ્ચિમ પૂર્વ ઉત્તર |
| મસ્તક પગ દૃષ્ટિ | જેઠ, અષાઢ, શ્રાવણ | ઉત્તર દક્ષિણ પૂર્વ |

सर्व ज्ञानाय भवतु

જે દિશામાં વાસ્તુપુરૂષનું મસ્તક હોય અને દૃષ્ટિ હોય તે બાજુ ઘરનું મુખ્ય પ્રવેશ દ્વાર બનાવવું જોઈએ. જે તે મહિનામાં વાસ્તુપુરૂષના મસ્તકની ઉલટી દિશામાં તેની પૂંછ હોય છે. ખોદકામ પૂંછ પરથી શરૂ કરવું. પરંતુ મસ્તક ઉપરથી ન કરવું.

આ સંસાર પાંચ તત્ત્વનો બનેલો છે. પૃથ્વી, આકાશ, અગ્નિ, વાયુ તથા જળ.
મનુષ્યનું શરીર પણ પાંચ તત્ત્વોનું બનેલું છે.
ગૃહ નિર્માણમાં પણ પાંચ તત્ત્વનો ઉપયોગ કરાય છે.

વાસ્તુમાં દિશાનું મહત્વ છે. આ ઉપરાંત સૂર્યનાં કિરણો- (અલ્ટ્રા વાયોલેટ તથા ઈન્ફ્રારેડ-) સૂર્યની ગરમી, હવા, પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર, ગ્રહનો પ્રભાવ વગેરે ધ્યાનમાં રાખીને વાસ્તુ શાસ્ત્રની રચના કરાય છે
વાસ્તુ શાસ્ત્ર સૂર્ય કિરણો અને તેની અસર ઉપર નક્કી થયેલ છે. સૂર્યનાં કીરણોના સાત રંગ શક્તિની જુદી જુદી દેવી છે.
૧) પર્જન્ય, ૨) કશ્યપ, ૩) મહેન્દ્ર, ૪) સૂર્ય, ૫) સત્ય, ૬) ભ્રુશ, ૭) નભસ્
આ મુજબના દિવસના પણ ૭ ભાગ છે.

નામ સમય શક્તિ મુહૂર્ત ૩.૦૦ થી ૪.૩૦ ઇંદ્રઉષાકાળ, ૪.૩૦ થી ૬.૦૦ કશ્યપ, અરૂણ ૬.૦૦ થી ૯.૦૦ મહેન્દ્ર,પ્રાત:,સંભવ ૯.૦૦ થી ૧૨.૦૦સૂર્ય, મધ્યાહન ૧૨.૦૦ થી ૩.૦૦ સત્ય અર્પણ, ૩.૦૦ થી ૬.૦૦ ભ્રુશ, સાયંકાલ ૬.૦૦ થી ૭.૩૦ નભસ્

**રાશિ મુજબ દિશા :**

| રાશી | ક્યાં ન રહેવું |
|---|---|
| મેષ | ઉત્તરમાં ન રહેવું |
| વૃષભ | મધ્યમાં ન રહેવું |
| મિથુન | મધ્યમાં ન રહેવું |
| કર્ક | નૈઋત્યમાં ન રહેવું |
| સિંહ | મધ્યમાં ન રહેવું |
| કન્યા | દક્ષિણમાં ન રહેવું |
| તુલા | વાયવ્યમાં નરહેવું |
| વૃશ્ચિક | પૂર્વમાં ન રહેવું |
| ધન | પશ્ચિમમાં ન રહેવું |
| મકર | મધ્યમાં ન રહેવું |
| કુંભ | ઈશાનમાં ન રહેવું |
| મીન | અગ્નિમાં ન રહેવું |

jainuniversity.org

**દિશા મુજબ ગ્રહનું સ્થાન :-**

ધન/વૈભવ

ઉત્તર

| વાયવ્ય | | | | ઈશાન |
|---|---|---|---|---|
| | શનિ | ગુરૂ | સૂર્ય | |
| પશ્ચિમ | શુક્ર | બુધ | ચંદ્ર | પૂર્વ ધન/વૈભવ |
| નૈઋત્ય | શુક્ર | શુક્ર | મંગળ | અગ્નિ |

દક્ષિણ

**દિશા મુજબ દેવનું સ્થાન :-**

ઉત્તર

| | | | | |
|---|---|---|---|---|
| | વાયુ | કુબેર | ઈશ્વર | |
| પશ્ચિમ | વરૂણ | બ્રહ્મા | ઈન્દ્ર | પૂર્વ |
| | રાક્ષસ | યમ | અગ્નિ | |

દક્ષિણ

વાસ્તુ કઈ રીતે કરવું (ગૃહકુંભ કેવી રીતે ક્યારે મૂકવો)
ઉત્તમ
વાર : સોમ, ગુરૂ, બુધ, શુક્ર
તિથિ : ૨, ૩, ૫, ૭, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫
નક્ષત્ર : અશ્વિની, રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, ઉત્તરા ભાદ્રપદ, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ, શ્રવણ, ધનિષ્ઠા, શતતારા, રેવતી શુભ છે.
માસ : માગસર, ફાગણ, વૈશાખ, શ્રાવણ. ઉપરમાંથી કોઈ એક યોગ ભેગો થાય ત્યારે કરવું.

૧) ૨૨-૧૨ થી ૨૦-૬ સુધીમાં જ વાસ્તુ પૂજન કરવું જોઈએ.
૨) ઘરના મુખ્ય દરવાજા ઉપર મંગલમૂર્તિ રાખવી. મંગલમૂર્તિ ની નજર પૂર્વ દિશા તરફ હોય તે યોગ્ય છે.
૩) કુંવારી કન્યાએ પ્રવેશ કરવો અને ઈશાન ખૂણામાં પાણી ભરેલો ઘડો મૂકવો.
૪) તે બાદ બ્રાહ્મણે તથા સ્ત્રી-પુરૂષ બન્નેએ પ્રવેશ કરવો.
૫) અગ્નિ દિશામાં એક નાની માટલીમાં વાસ્તુ પુરૂષ, ચાંદીનો નાગ, તાંબાનો તાર, મોતી અને પરવાળા તેમજ સેવાળ મુકવામાં આવે છે. માટલીને ઉપરથી બંધ કરવામાં આવે છે. આ માટલી અગ્નિ દિશામાં જમીનમાં અથવા ટાઈલ્સ ખોલી એક થી બે ફુટ નીચે મૂકવી. (કમ્પાઉન્ડમાં નહી) તેમાં વાસ્તુ પુરૂષ અને ચાંદીના નાગની દિશા પૂર્વ તરફ રહે તેમ મુકવી. પછી ખાડો પૂરી ટાઈલ્સ સરખી રીતે ગોઠવી દેવી. વાસ્તુને દહીં, ભાત, અન્નનો બલિ આપવો. એટલે કે વાસ્તુશાંતિ પૂર્ણ થયા બાદ દહીં, ભાત, અન્ન ચાર રસ્તા નજીકમાં હોય ત્યાં મૂકી આવવું જોઈએ. ફરતે પ્રદક્ષિણા કરવી.
મંગલમૂર્તિ / વાસ્તુની પૂજા, પતિ / પત્નીએ કરવી. પછી ઉંબરાની પૂજા કરવી અને ઘરમાં પ્રવેશી પાણીનું માટલુ મૂકવું જોઈએ.
વાયવ્ય દિશામાં અનાજના દાણા મૂકવા.
અગ્નિ દિશામાં મીઠું મૂકવું.
નૈઋત્ય દિશામાં લોખંડની છરી-ચપ્પુ મૂકવું.
ત્યાર બાદ ઘરમાં સામાન લાવવો.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

# વાસ્તુ કોષ્ટક

ઈશાન ખૂણો (ગુરુ ગ્રહ) | પૂર્વ દિશા (ઈન્દ્રદેવ,સૂર્યગ્રહ) | અગ્નિ ખૂણો (શુક્ર ગ્રહ)

ઉત્તરદિશા (કુબેરદેવ,બુધગ્રહ) | દક્ષિણ દિશા (યમદેવ,મંગળગ્રહ)

| | | |
|---|---|---|
| મંદિર અતિથિ માટે, ભોંયરું, ધ્યાન માટેની જગ્યા ખૂલ્લી જગ્ય વધુ છોડવી, (જમીનની અંદર પાણીની ટાંકી)<br>વ્યાપાર માટે: ઈષ્ટોવની મૂર્તિ, મંદિર કૂવો, અંદર ગ્રાઉન્ડ ટાંકી, પીવાનું પાણી, સ્વચ્છતા રાખવી, કાચોમાલ રાખવો નહિ, રિસેપ્શન કાઉન્ટર. | પ્રવેશ દ્વાર, બારીઓ, બાલ્કની, વરંડો, ઓસરી, વધારાની ખુલ્લી જગ્ય, બેઠક, તેલ–ઘી સ્ટોકરૂમ<br>વ્યાપાર માટે : હિસાબના ચોપડા, વાહનલ શો રૂમ, કપડા વેચવા માટે શ્રેષ્ઠ જગ્યા, વધારાની ખૂલ્લી જગ્યાએ લોન ઉગાવવી. | રસોડું, પેન્ટ્રી, છોકરાઓ, વહુઓ માટેનો રૂમ, સેપ્ટીક ટેંક, ગેસની ભઠ્ઠી, ઈલેકટ્રીક મીટર, મીક્ષર ફ્રીજ, જાજરૂ<br>વ્યાપાર માટે : સ્વીચ બોર્ડ, એરકન્ડીશનર,જનરેટર, ટ્રાન્સફોરમર, મોટર, ચીમની, હોટલ, ખાવાપીવાની ચીજોના વેપાર માટે શ્રેષ્ઠ જગ્યા. |
| પ્રવેશદ્વારા, બારીબારણાં, લાઈબ્રેરી, બેઠક, વોશબેસિંગ, તિજોરી, સીડી, દવાઓ, વૃદ્ધો માટેનો ઓરડો, લોન રાખવી<br>વ્યાપાર માટે: સેલ્સ મેનેજર, વ્યવસ્થાપક, માલિકની બેઠક, પાણી શુદ્ધિકરણ પલાન્ટ, હળવા મશીનો, ઓફિસ માટેની જગ્યા. | **બ્રહ્મ સ્થાન**<br>**યોગાન / ખાલી જગ્યા**<br>**તુલસી ક્યારો** | ખાલી જગ્યા ઓછી છોડવી, બેઠક, હોલ, ટોઈલેટ, જાજરૂ.<br>વ્યાપાર માટે: સોનું, ચાંદી, સ્ત્રી શણગારની વસ્તુ વેચાણ માટે શ્રેષ્ઠ જગ્યા, કાઉન્ટર, શો કેસ, સ્ટોરરૂમ, કોલસા, લોખંડની વસ્તુઓ, કમ્પાઉન્ડવોલ ઊંચી રાખવી. |
| નવા પરણેલા માટેનો શયનકક્ષ, પ્રક્ષાલન, ગેરેજ, અનાજ સ્ટોરરૂમ, પાળેલાં પશુ રાખવાની જગ્યા, સેપ્ટિકટેંક<br>વ્યાપાર માટે: નાશ પામે તેવા ખાદ્ય ખોરાકને વેચવાનું કાઉન્ટર, ઓટોમોબાઈઇસના પાર્ટસ્, સેમી પ્રોસેસ માલ, શો રૂમ માટે શ્રેષ્ઠ જગ્યા. | અભ્યાસ ક્રમ (પૂર્વ તરફ મોઢું રાખવું), ડાઈનીંગ રૂમ, ભોજન કક્ષ, ઓવરહેડ ટેન્ક, ખૂલ્લી જગ્યા બહુ ઓછી રાખવી.<br>વ્યાપાર માટે: ખેત પેદાશ, તેલી બિયાનાં વેચાણ માટે શ્રેષ્ઠ જગ્યા, કાઉન્ટર (પૂર્વ તરફ ખૂલે તેમ રાખવી) | માસ્ટર બેડરૂમ, સ્ટ્રોંગરૂમ, તિજોરી, સ્ટોરરૂમ, કબાટ માળીયું, સીડી, લિફ્ટ, વજનદાર વસ્તુઓ રાખવી, વોર્ડરોબ, ડ્રેસીંગ રૂમ, (તિજોરી ઉત્તર બાજું ખૂલે તેમ રાખવી)<br>વ્યાપાર માટે: માલ ભરવાના રેક, સ્ટોર કરવાની જગ્યા, કાઉન્ટર, વેસ્ટ મટેરીયલ |

વાયવ્ય ખૂણો (ચંદ્ર ગ્રહ) | પશ્ચિમ દિશા (વરુણદેવ,શનિગ્રહ) | નૈઋત્ય ખૂણો (રાહુ)

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु